<u>પ્રેસનોટ - રામોલ પોલીસ</u>

## પાંચ અનડીટેકટ રીક્ષા ચોરીના ગુના શોધી કિ.રૂ.૩,૩૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપીને પકડી પાડતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

માનનીય પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "આઇ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચનાથી પો.સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ વધુમાં વધુ પેટ્રોલીગ કરવા સારૂ સુચનાં કરવામાં આવેલ જે આધારે અમોએ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓને વધુમાં વધુ પેટ્રોલીંગ કરી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ સુચના કરવામાં આવેલ જે સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓ સ્ટાફના માણસોની સાથે પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન કલાક ૧૭/૦૦ વાગે રામોલ ગામ ત્રણ રસ્તે આવતા સાથેના <u>પો.કો ચેતનભાઈ રણછોડભાઈ તથા પો.કો લાલજીભાઇ જહાભાઇ તથા પો.કો જયરાજસિંહ વિક્રમસિંહ</u> નાઓને પો.સ.ઇ નાઓને સંયુકત ખાનગી બાતમી હકીકત આપેલ કે એક ઈસમ કે જેણે શરીરે કથ્થઈ રંગનો શર્ટ તથા બ્લુ રંગનુ જીન્સ પેન્ટ પહેરેલ છે જે પોતાના કબજામાં ચોરી અગળ છળ કપટથી મેળવેલ નંબર વગરની સીએનજી રીક્ષા લઈ નૈયા એપાર્ટ મેન્ટ તરફથી આવી અત્રે થઈ અદાણી સર્કલ ચાર રસ્તા તરફ જનાર છે જે બાતમી હકીકત આધારે

<u>આરોપી</u> :- <u>મહેબુબ ઉર્ફે કાણીયો યુનુસભાઈ મનસુરી ઉવ:૨૪ રહે:૧૨૩ મદનીનગર જનતાનગર રામોલ રોડ અમદાવાદ શહેર મુળવતન ગામ:કઠવાડા તા:દસ્ક્રોઈ જી:અમદાવાદ શહેર</u> નાની પુછપરછ કરતા નીચે જણાવેલ ગુનાની કબુલાત કરેલ છે

(૧) રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૨૭/૧૭ ધી ઇપીકો કલમ. ૩૭૯ મુજબ
(૨) રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૧૨૮/૧૯ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબ
(3) રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૧૫૭/૧૯ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબ
(૪) ઇસનપુર પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૪૪/૧૯ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબ
(૫) સરદારનગર પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૩૨/૧૯ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબ

જે પાંચ ગુના કર્યાની આરોપી કબુલાત કરતો હોય જે ચોરીમાં ગયેલ ઓટોરીક્ષાઓ <u>કિ.રૂ. ૩,૩૦,૦૦૦/-</u> નો મુદ્દામાલ રીકવર કરી આરોપીને રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૧૫૭/૧૯ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે <u>તા.૦૫/૧૦/૧૯ ના કલાક ૧૮/૦૦ વાગે</u> પકડી અટક કરી વધુ પુછપરછ હાથ ધરેલ છે.

<u>ગુનાહિત ઇતિહાસ:</u> આરોપી અગાઉ બાપુનગર તથા ઓઢવ પો.સ્ટેશન ખાતે ચોરીના ગુનામા પકડાયેલ છે.

(કે.એસ.દવે)
સિની.પોલીસ ઇન્સપેકટર
રામોલ પો.સ્ટે અ'વાદ શહેર

CS Scanned with CamScanner